



## યાત્રાધામ અંબાજી મંદિરમાં આતંકવાદી ઘૂસ્યાના સમાચારથી અફરાતફરી મચી

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં આતંકવાદી ઘુસ્યા હોવાના મેસેઝ મળતાં વહીવટી અને સુરક્ષા વિભાગમાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જોકે, જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગૃપ દ્વારા મોકડ્રિલ કરાઈ હોવાની જાણ થતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રદિપ શેજુળની સુચના આધારે કે. બી. વસાવા પ્રો.ના.પો.અધિક્ષક, એ.આર. ઝનકાત નાયબ પોલીસ અધિક્ષક પાલનપુરના સુપરવિઝન હેઠળ એસ.એ. ડાભી પો.ઈન્સ. એસ.ઓ.જી., વી.એસ.સીંધવ પો.સ.ઈ એસ.ઓ.જી. પાલનપુર, એન.એન.પરમાર પો.સ.ઈ.એલ.સી.બી પાલનપુર તથા એમ.કે.ઝાલા પો.સ.ઈ પેરોલ ફર્લો, બી.કે.જોષી પો.સ.ઈ ઊઈ્ ટીમ, એન.ડી.પટેલ પો.સ.ઈ મ્હ્રહ્જી ટીમ, ડોગ સ્કોડ તથા કે.એસ.ચૌધરી પો.ઈન્સ. અંબાજી પો.સ્ટે. તથા સ્ટાફ તથા એસ.ઓ.જી. એલ.સી.બી. અને પેરોલની ટીમો ધ્વારા શુક્રવારે અંબાજી મંદીર ખાતે આંતકવાદી ઘુસ્યા હોવા અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ જેમાં મંદીર પરીસરમાં બે આતંકવાદી ઘુસેલ હોવાની જાણ પો.ઈન્સ. કે.એસ.ચૌધરી નાઓને મળતાં અંબાજી પો.સ્ટે. જાણ કરવામાં આવેલી અને પોલીસ કંટ્રોરૂમને જાણ થતા પોલીસ કંટ્રોલ રૂમ ધ્વારા વર્ધી મળતા એસ.ઓ.જી ટીમ એલ.સી.બી, બીડીડીએસ, પેરોલ ફર્લો સ્કોર્ડ તથા અંબાજી પો.સ્ટેની ટીમો તાત્કાલીક અંબાજી મંદીર ખાતે પહોંચી ગઈ હતી. આ ટીમોને અલગ અલગ કાર્યવાહી સોપી ઓપરેશન હાથ ધરવામાં આવેલ. જેમાં તમામ ટીમોએ મંદીર અંદર પ્રવેશ કરી છુપાયેલા આતંકવાદીઓ પૈકી એક આતંકવાદીને ઠાર કરવામાં આવેલ. અને બીજા આતંકવાદીને મંદીર પરીસર પાછળના બીલ્ડીંગમાંથી જીવતો પકડી પાડવામાં આવેલ. તેમજ તેઓ પાસેથી મળેલ ચીજવસ્તુઓ કબ્જે કરવામાં આવેલ આ રીતે બંને આતંકવાદીઓને સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડી મોકડ્રીલનું સફળ આયોજન કરેલ હતું.

સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસમાંથી

## ટિકિટ મળશેની આશાએ ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખે ઉમેદવારી ફોર્મ ઉપાડ્યું

સાબરકાંઠા, તા. ૩૦

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે વર્તમાન સાંસદ દીપસિંહ રાઠોડને મેદાને ઉતાર્યા છે. બીજી બાજુ કોંગ્રેસ હાઈકમાન્ડ અને ગુજરાત કોંગ્રેસના નેતાઓમાં ઉમેદવારને લઈને અવઢવમાં મુકાયા છે. પાટણ લોકસભા બેઠક પર જગદીશ ઠાકોરને ટિકિટ મળતાની સાથે ક્ષત્રિય ઠાકોર સેના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરનું પત્તુ કપાતા ક્ષત્રિય ઠાકોરસેનાને લોકસભાની એક ટિકિટ આપવાની જીદ અને અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયસિંહ ઠાકોરની ચાર દિવસ પહેલા લોકસભામાં કોંગ્રેસને જોઈ લેવાની ચીમકી ઉચ્ચારતા હાઈકમન્ડે ગંભીર નોંધ લઈ સંજય ઠાકોરને તાબડતોડ દિલ્હી બોલાવી રાજીવ સાતવ સાથે મુલાકાત કરી હતી. પરત ફર્યા બાદ શનિવારે સંજયસિંહ ઠાકોરે હિંમતનગર કલેક્ટર કચેરીએ ટેકેદારો સાથે પહોંચી ઉમેદવારીનું ફોર્મ ઉપાડતા બંને જીલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ દંગ બન્યા હતા.

અરવલ્લી ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયસિંહ ઠાકોરે ઉમેદવારી ફોર્મ ઉપાડતાની સાથે



સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસ મોવડી મંડળ ઉમેદવારનું નામ જાહેર કરવામાં સમયનો વ્યય કરતા અને અવઢવની સ્થિતિમાં જોવા મળતા લોકસભા બેઠક લડવા માટે દાવેદારોની સંખ્યા વધતા કોંગ્રેસ માટે આત્મઘાત સાબિત થઈ શકે છે.

ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ હાઈકમાન્ડ તેમને ટિકિટ આપી શકે છે અને તૈયારીઓ કરવા લાગી જાવ તેવું જણાવતા ઉમેદવારી ફોર્મ લીધું છે અને રવિવારે બપોરે કોંગ્રેસ વિધિવત રીતે તેમના નામની જાહેરાત પણ કરી શકે છે તેવું તેમને આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું હતુ.

## તલોદ પાસે આવેલ અંબિકા ફેક્ટરીમાં આગ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના તલોદના નવાવાસ ગામમાં આવેલ આગે જોત જોતામાં રૂદ્ર સ્વરૂપ ધારણ કરતા સાત ફાયર ટીમ દ્વારા આગ ઉપર કાબુ મેળવ્યો.

પ્લાયવુડની ફેકટરીમાં કોઈ કારણોસર આગ લાગતાં ફેકટરીમાં નાસભાગ મચી જવા પામી હતી.



અંબિકા ફેક્ટરીમાં આગ લાગતાં નાશભાગ મચી જવા પામી હતી.

તલોદના નવાવાસ ગામ મોડાસા રોડ પાસે આવેલ અંબિકા બપોરના રીષેશના સમયે આગ લાગતાં મોટી જાનહાની ટળી હતી.

આગે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, દહેગામ, ગાંધીનગર, અમદાવાદ ફાયર ટીમ ફેકટરીમાં દોડી આવી હતી અને લાગેલ આગ ઉપર પાણીનો મારો ચાલું કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ ફેકટરીમાં ફેકટરી માલિક દ્વારા કોઈપણ જાતની ફાયર સેફટીની સુવિધા ન હતી.

સવાલ પણ એ ઉભો થયો છે કે જો ફેક્ટરીમાં ફાયર સેફટીની સુવિધાઓ ન હતી તો આ ફેક્ટરીને વગર ફાયર સેફટી વગર મંજુરી કઈ રીતે મળી તે પણ એક સવાલ છે. ત્યારે હાલ તો આગને લઈને ફેકટરી માલિકને મોટું નુકશાન થયું છે પણ આગ ક્યા કારણોસર લાગી એ કારણ પણ હાલ તો અકબંધ છે. ત્યારે આગના સમાચાર મળતાં જ તલોદ પોલીસ તથા સ્થાનિક તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું પણ આગને લઈને કોઈ મોટી જાનહાની ના થતાં તંત્ર એ પણ હાશકારો લીધો હતો તો બીજીબાજુ માર્ચ એન્ડીંગ માજ ફેક્ટરીમા આગ લાગતાં ચર્ચાઓએ પણ જોર પકડયું ત્યારે જોવાનું એ રહ્યું કે શું ફાયર સેફ્ટી ના હોવા છતાં તંત્ર દ્વારા આ ફેક્ટરીમાં કઈ રીતે મંજુરી આપી તે પણ તપાસનો વિષય છે.

## પાલનપુરમાં રિર્વસ આવી રહેલી ઈકો નીચે કચડાતાં યુવકનું મોત

પાલનપુર એરોમા સર્કલ નજીક સપ્તાહ અગાઉ ઈકો ગાડીના ચાલકે વાહન રિર્વસ લેતી વખતે એક યુવકને કચડી નાંખ્યો હતો. જેનું મોત નિપજ્યું હતુ. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુરમાં એરોમા સર્કલ નજીક ખાનગી મુસાફરો ભરતા વાહનોનો ઉભા રહે છે. જ્યાં સપ્તાહ અગાઉ એક ઈકોના ચાલકે ગફલતભર્યુ પોતાનું વાહન રિર્વસ લેતી વખતે રોડની સાઈડમાં બેઠેલા મંગાભાઈ ઉપર ચઢાવી દીધુ હતુ. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતુ. જોકે, અકસ્માત બાદ ચાલક વાહન લઈને નાસી ગયો હતો. આ અંગે પાલનપુર પચાસ કવાર્ટસ વિસ્તારમાં રહેતા મહેન્દ્રખાન સુબેખાન પીજારાએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઈકો ચાલક સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ખેડબ્રહ્મા શહેરમાં લોકસભા ચૂંટણી અનુસંધાને ફ્લેગ માર્ચ યોજાઈ

લોકસભાની ચૂંટણી અનુસંધાને ખેડબ્રહ્મા શહેરમાં પોલીસ અને સી.આર.પી.એફ.ની ટીમે સંયુક્ત ફ્લેગ માર્ચ યોજી હતી. જે ફલેગ માર્ચ પોલીસ સ્ટેશનથી નીકળી પેટ્રોલપંપ, સરદાર ચોક, માણેક ચોક ગામ વિસ્તાર, બસ સ્ટેશન સ્ટેટ સ્ટેટ હાઈવે થઈ પરત પોલીસ સ્ટેશન આવી હતી.

## ધાનેરાની નેનાવા ચેક પોસ્ટ પરથી લખોના દારૂ સાથે બે ઝડપાયા

ધાનેરા પોલીસે નેનવા ચેક પોસ્ટ પરથી લખો રૂપિયા ના દારૂ સાથે બે બુટલેગરો ની અટકાયત કરી કાયદેર કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાન માંથી ગુજરાત માં દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે ગતરાત્રે ધાનેરા પોલીસે ગુજરાત રાજેસ્થાન સર્જાદ ઉપર આવેલી નેનાવા ચેકપોસ્ટ પરથી લાખો રૂપિયાની દારૂ ભરેલી ટ્રક ઝડપી છે લોકસભાની ચૂંટણી આવી રહી છે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગાંધીના ગુજરાતમાં દારૂની હેરાફેરી ન થાય તે માટે ધાનેરા પોલીસ ધ્વરા વાહન ચેકીંગ હાથ ધરવામા આવ્યું હતું જયારે ધાનેરા નેનાવા ચેક પોસ્ટ ઉપર વાહનો નું ચેકીંગ ચાલી રહ્યું હતું તે સમયે રાજેસ્થાન તરફ થી અશોક લેલન કંપનીની ટ્રક ન. RJ 07 GA 7865ની તલાશી લેતા તે માંથી વિદેશી દારૂ ની પેટી નંગ ૫૫૦ જેની કિંમત ૨૬ લાખ ૪૦ હજાર અને ગાડી ની કિંમત ૧૦ લાખ કુલ મુદ્દામાપ ૩૬ લાખ ૪૦ કરતા પણ વધુ સાથે બુટલેગર હરિકિશન અને સુરેશ બંને જાતે વિશ્નોઈ ને ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## ભિલોડાના ધરાસણ-અજિતપુરા ગામે આગ લાગતા ૬ અબોલ પશુઓ ભડથુ

ભિલોડા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં ૬ દુધાળા પશુઓ આગમાં ભડથું થઈ ગયા હતા. ખેતરમાં દરમિયાન પોતાના ઘર પર પસાર થતી જીવંત વીજ



વીજતંત્રની બેદરકારીના પગલે પ્રજાજનોએ ભારે નુકસાની સહન કરવી પડી રહી છે. ભિલોડા તાલુકાના ધરાસણ-અજિતપુરા ગામે એક ખડૂતના ઘર પરથી પસાર થતા વીજતારમાં શોર્ટ સર્કિટ સાથે તણખલા ઝરતા ઘરમાં આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા આગ પ્રસરી ઘર બાજુમાં પશુઓના તબેલાને લપેટમાં લેતા ગયેલા પરિવારને જાણ થતા ઘરે દોડી આવ્યો હતો ઘર અને પશુઓને આગમાં સ્વાહા થયેલા જોતાંની સાથે આઘાતમાં સરી પડ્યો હતો.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા પાસે આવેલ ધરાસણ-અજિતપુરા ગામે શુક્રવારે બપોરેના સુમારે ખેડૂત પરિવાર સહિત ખેતરમાં ઘઉં વાઢવા ગયો હતો તે લાઈનના તાર ઢીલા હોવાને કારણે તારમાંથી શોર્ટ સર્કિટ થઈ એકાએક તણખા ઝરવા લાગ્યા જે ખેડૂતના ઘર પર પડતા ખેડૂતનું ઘર સળગવા લાગ્યું. ઘરમાં રાખેલ ઘાસચારાને લઈ ખેડૂત વકસીભાઈ અસોડાના ઘરની આગ વિકરાળ બની અને ઘરના ગમાણમાં રહેલ ૬ પશુઓ આગમાં ભડથું થઈ ગયા હતા. બપોરનો સમય હોવાથી અને ઘેર માત્ર દુધાળા પશુઓ સિવાય કોઈ ના હોવાથી ઘર પશુઓ અને ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો જેથી ખેડૂતની હાલત કફોડી બની હતી ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા પરંતુ આગ એટલી વિકરાળ હતી કે ગ્રામજનો આગ બુજાવે તે પહેલાં ૨ ભેંશ ૨ બકરી અને ૨ વાછરડા તમામ પશુઓ આગમાં ભડથું થઈ ગયા હતા. ઘટનાને પગલે યુજીવીસીએલના કર્મચારીઓ અને ભિલોડા પોલીસ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.

## પ્રવિણની હત્યાનો ભેદ ઉકેલાતા પરિવારજનોએ સ્વીકાર્યો મૃતદેહ

ધાનેરામાં પ્રવિણ પટેલ નામના યુવક અજાણ્યા ઈસમોએ હત્યા કરી દેતા પ્રવીણ પટેલ ના પરિવારે લાશ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો અને માંગણી કરી હતી કે જ્યાં સુધી પોલીસ હત્યારાઓને નહિ પકડે ત્યાં સુધી લાશ નહિ સ્વીકારવાની ચીમકી ઉચ્ચારી હતી ત્યારે પોલીસ ધ્વરા અલગ અલગ ટિમ બનાવી હત્યારો શોધખોળ હાથ ધરી હતી ત્યારે આજે બે હયારાઓને પોલીસે ઝડપી પડતા મૃતક પરિવાર જનોએ લાશ સ્વીકારી હતી.

ધાનેરા ના બાલાજી મંડપ માંથી પરવીન પટેલ ની ગળું કાપેલી હાલત માં લાશ મળી હતી તે બાબતે પ્રવીણ પટેલ ના પરિવાર જનોએ ધાનેરા પોલીસ મથક માં હત્યા નો ગુનો નોંધાવ્યો હતો અને જ્યાં સુધી હત્યા નો ભેદ નહિ ઉકેલાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા પોલીસ દોડતી થઈ હતી અને અલગ અલગ ટિમ બનાવી પતાસા નો ધમધમાટ શરુ કર્યો હતો ત્યારે હત્યા નો ભેદ ઉકેલાઈ જવા પામ્યો હતો અને બે હત્યારા ઝડપાતા પોલીસ ધ્વરા મૃતક ના પરિવાર જનોને જાણ કરતા મૃતક પરિવાર જનોએ ૩૬ કલાક બાદ લાશ સ્વીકારી હતી.



થરાદ નાયબ પોલીસ અધિક્ષક શ્રી અજિત રાજયાણ એ મીડિયા સાથે ની વાત ચિટ માં જણાવ્યું હતું કે પોલીસે બે લોકો ની કાલે અટકાયત કરી હતી અને રાત્રે કડક પૂછપરછ કરતા તેમને હત્યા કરી હોવાનું કબલ્યું હતું અને પોલીસે વધુ માં એ પણ જણાવ્યું હતું કે કોઈ અણબનાવ અને ઉશ્કેરાઈ જી હત્યા કરી હતીઃ પરંતુ હત્યા નું ચોક્કસ કોઈ કારણ પોલીસે પણ મીડિયા સમક્ષ કે લોકો સમક્ષ જણાવ્યું ન હતું. મોહનભાઈ ઉર્ફે મુન્નો પ્રતાપભાઈ નાઈ અને વિનોદભાઈ લખમણભાઈ પરમાર બંને એ ભેગા મળી પ્રવિણ પટેલ નું ગળું કાપી હત્યા કરી હતી પરંતુ હત્યા કરવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા ન મળતા અનેક તર્ક વિતર્કો જોવા મળી રહ્યા છે અત્યારે તો ધાનેરા પોલીસે ગણતરી નાજ કલાકો માં હત્યારાઓને ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ હત્યા નું સાચું કારણ તો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

## પાલનપુર નજીક ગાજરના કટ્ટા નીચે દારૂ સંતાડીને લઈ જવાતુ ડાલુ ઝડપાયું

પાલનપુર નજીક ખેમાણા ટોલનાકાએથી પોલીસે શુક્રવારે ગાજરના કટ્ટા નીચે સંતાડીને લઈ જવાતા દારૂ ભરેલું એક જીપડાલું ઝડપી લીધુ હતુ. જેમાંથી દારૂ તેમજ વાહન મળી કુલ રૂપિયા ૬.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ પોલીસ દ્વારા સઘન ચેકિંગ ચાલી રહ્યું છે. જ્યાં પાલનપુર તાલુકા પોલીસની ટીમે શુક્રવારે ખેમાણા ટોકનાકા નજીકથી ગાજરના કટ્ટા નીચે સંતાડીને લઈ જતું જીપડાલુ ઝડપી લીધુ હતુ. પોલીસની ટીમે જીપડાલાનં આર. જે. ૧૯. જી. બી. ૧૧૧૭ના ચાલકને ઉભો રહેવા ઈશારો કર્યો હતો.

જોકે, ચાલકે ગાડી ભગાવી મુકી હતી. આથી પોલીસે પીછો કરી જીપડાલું ઉભુ રખાવી તલાસી લેતાં ગાજરના કટ્ટા નીચે છુપાવેલો રૂપિયા ૩,૭૫,૨૦૦ના વિદેશી દારૂની ૪૬૯ બોટલો મળી આવી હતી.






## ખેડબ્રહ્મા શહેરમાં એસ.એસ.ટી.ના કર્મચારીઓ ઉંઘતા ઝડપાયા

લોકસભાની ચૂંટણી અનુસંધાને દરેક વિધાનસભામાં એસ.એસ.ટી. ટીમોની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે ખેડબ્રહ્મા વિધાનસભામાં ૩ ટીમો બનાવવામાં આવી છે, જેમાં દરેક ટીમમાં ૪ સિવિલ સ્ટાફ અને ૪ પોલીસ સ્ટાફ મળી કુલ ૮ સભ્યો મુકવામાં આવ્યા છે. ખેડબ્રહ્મા વિધાનસભામાં એક વિજયનગર, બીજી પોશીના અને ત્રીજી ટીમ ખેડબ્રહ્મામા કાર્યરત કરવામાં આવી છે. જેમાં ખેડબ્રહ્માની ટીમ સ્ટેટ હાઈવે પર નવા મારવાડ પાસે આવેલ નાકા ઉપર ફરજ પર મુકવામાં આવી હતી. બપોરના સમયે નાકા ઉપર તપાસ કરતા નાકા પર ફક્ત એસ.એસ.ટી. ટીમનું બોર્ડ મારવામા આવેલ હતું પરંતુ કોઈ કર્મચારી હાજર ન હતો. જ્યારે સામેની બાજુ આવેલ ચાની કીટલી પર એક કર્મચારી રીતસરનો ઉંઘતો ઝડપાયો હતો તો બાકીના પોલીસ કર્મચારી બાજુમાં કારખાનામાં બેઠેલ નજરે પડ્યો હતો અને બીજા બેનો કોઈ અતોપતો નહતો. સ્થળ ઉપર હાજર ન હતો આડા અવડી થઈ ગયેલ હતા.


## જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ વંદના આર. ગોર, રહે. મોડાસાના તે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ડીસ્ટ્રીક્ટ અરવલ્લી, સબ ડીસ્ટ્રીક્ટ મોડાસાના મોજે ગામ સાયરા, તા. મોડાસાના રેવન્યુ ખાતા નં. ૧૨૪૯ના રેવન્યુ સર્વે નં. ૧૪૭ (જુનો સ.નં. ૭૭૮ પૈકી ૧ ) ની ૨/૯/૮૩ હે.આરે.ચો.મી., આકાર રૂ. ૫.૦૫ વાળી જમીન હાલ પટેલ નટવરભાઈ શીવાભાઈ, પટેલ અનીલભાઈ જેશીંગભાઈ, પટેલ કૌશલ નટવરભાઈ, પટેલ સુનિલકુમાર જેશીંગભાઈ અને પટેલ મંગુબેન જેશીંગભાઈ, તમામ રહે. સાયરા, તા. મોડાસાના નામે ચાલે છે. સદરહુ જમીન અમારા અસીલ ૧. પટેલ કમલેશકુમાર બચુભાઈ, ૨. પટેલ વિમલભાઈ ડાહ્યાભાઈ, ૩. ત્રિવેદી સચિનકુમાર વસંતલાલ તતા ૪. નટવરલાલ શિવાભાઈ પટેલ નાઓ ખરીદ કરવા માગે છે. જેથી તેઓએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા કે અન્ય કોઈનો પણ ઉપરોક્ત જમીનમાં લાગ, ભાગ, હક, હીત કે હિસ્સો હોય, કોઈપણ જાતનો બોજો કે વાંધો હોય તો દીન-૧૫માં રજીસ્ટર એ.ડી.થી તમામ આધાર પુરાવા સાથે અમોને લેખિતમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો તમામ લાગતાવળગતાઓને પોતાના હક્કો ઉપરોક્ત જણાવેલ માલિકોની તરફેણમાં જતા કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે અને સદર જમીનનો વેચાણ દસ્તાવેજ અમારા અસીલની તરફેણમાં કરવામાં આવશે. ત્યારબાદ કોઈનો વાંધો, વિરોધ કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મુ. મોડાસા
તા. ૧૯/૩/૨૦૧૯

અસીલની સુચના અન્વયે
વંદના આર. ગોર
(એડવોકેટ)
મો. ૯૪૨૬૮ ૨૦૯૨૩

ઓફીસ : ૩૧, ટાઉન હોલ શોપીંગ સેન્ટર, મેઘરજ રોડ, ચાર રસ્તા, મોડાસા - ૩૮૩૩૧૫